**૧૬/૦૬/૨૦૨૧**

**પ્રતિ,**
**ગુજરાત ગેસ કંપની લીમીટેડ,**
**સુરત.**

**વિષય : ૭૦.૦ મી. હાઇટ સુધીના હાઇરાઇઝ્ડ બિલ્ડીંગમાં ફોર્મ સ્વીકારવા તથા સત્વરે કનેકશન આપવા બાબત....**

મહેરબાન સાહેબશ્રી,

ઉપરોકત વિષય સંદર્ભે આપશ્રીને જણાવવાનું કે, ગુજરાત ગેસ કંપની સુરત કાર્યક્ષેત્રમાં ખુબ જ સારી રીતે કામ કરી રહી છે જે પ્રસંશાને પાત્ર છે. ગેસ પુરવઠો પુરો પાડવાની કામગીરી અને ગેસ પુરવઠો ન મળ્યો હોય તેવી એકપણ ફરિયાદ જોવા નથી મળતી જે આપની કામગીરીની સક્રિયતા દર્શાવે છે. સતત કાર્યરત્ રહેતી ગુજરાત ગેસ કંપનીનો ગેસ પુરવઠો પુરો પાડીને માનવજીવનની સગવડતામાં ઉત્તરોત્તર વધારો કર્યો છે જે સરાહનીય છે.

ક્રેડાઇ-સુરતનાં ઘણા સભ્યોની ફરિયાદ છે કે, ૧૩ માળ થી ૨૦ માળ એટલે કે ૭૦.૦ મી. સુધીના હાઇટ વાળા બિલ્ડીંગમાં અત્યારે ગુજરાત ગેસ કનેકશનની માંગણી કરતાં અરજીઓનો સ્વીકાર કરવામાં આવતો નથી અને નવા અરજી ફોર્મ પણ મળતા નથી. જેને લીધે હાલમાં અરજીલક્ષી કાર્યવાહી બંધ છે.

આપને નમ્ર અરજ છે કે, ઘણા ડેવલોપર્સની આવી ૭૦.૦ મી. હાઇટ્સ સુધીની બિલ્ડીંગો તૈયાર છે અને સત્વરે પઝેશન આપવા પડે તેવી પરિસ્થિતિ છે. જેથી વહેલામાં વહેલી તકે અરજી ફોર્મ આપવાની પ્રક્રિયા શરૂ કરશો અને ગેસ કનેકશન માટે આવતી અરજીઓનો સ્વીકાર કરી ગેસ કનેકશન વહેલી તકે મળી શકે તે માટે વ્યવસ્થા કરી આપવા મહેરબાની કરશોજી.

આપના સહકારની અપેક્ષા સહ.

**લિ. આપના વિશ્વાસુ**

| | | |
|---|---|---|
| **સુરેશ પટેલ** | **રવજીભાઇ પટેલ** | **વિજય ધામેલિયા** |
| **ચેરમેન** | **પ્રમુખ** | **માનદ્મંત્રી** |
| **ક્રેડાઇ-સુરત** | **ક્રેડાઇ-સુરત** | **ક્રેડાઇ-સુરત** |